# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


**પરીપત્ર**

**વિષય : ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માટેના ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત. (જૂના સોફ્ટવેર અંતર્ગત)**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા જુદી-જુદી વિદ્યાશાખાઓનાં ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માટેનાં ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવામાં આવે છે જેની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા પોતાના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| કોર્ષનું નામ | એન્ટ્રી શરૂ થવાની તારીખ | એન્ટ્રી પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| યુ.જી./એલએલ.બી. | ૦૯/૦૪/૨૦૨૪ | ૨૦/૦૪/૨૦૨૪ |

નિયત સમયમર્યાદા બાદ ફોર્મની ઓનલાઇન એન્ટ્રી સોફટવેર સ્વીકારશે નહીં, જેની નોંધ લેવી. ઓનલાઇન એન્ટ્રી કર્યા બાદ ચાલુ કામકાજના દિવસ ૪ (ચાર)માં ઓનલાઇન જનરેટ થયેલ ફી રીપોર્ટ/ચેકલિસ્ટ (**EXCEL SHEET**) ની પ્રિન્ટને કોલેજના આચાર્યશ્રી દ્વારા વેરીફાય કર્યા બાદ કુરિયર અથવા પોસ્ટ મારફત અથવા રૂબરૂ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે તેમજ કોલેજનાં લેટરપેડ માં કોર્ષ પ્રમાણે અલગ-અલગ વિદ્યાર્થીઓની સંખ્યા સ્પષ્ટ દર્શાવી નિયત ડીગ્રી સર્ટીફિકેટ ફોર્મ ફી રૂ.૨૫૦/- "**રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ**" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચુકવવાની રહેશે.

**ખાસ નોંધ :-**

| | |
|---|---|
| ૧. | દરેક વિદ્યાર્થીએ ડીગ્રી સર્ટીફિકેટમાં જે એડ્રેસ ( કાયમી સરનામું) દર્શાવેલ હોય, તે જ એડ્રેસની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી તેમજ શહેરી વિસ્તારમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીના સંપૂર્ણ સરનામાની એન્ટ્રી કરવાની રહેશે. જેમાં ઘર નંબર, શેરી નંબર/નામ, વિસ્તારનું નામ વગેરે વિગત દર્શાવવાની રહેશે. |
| ૨. | જે કોલેજો દ્વારા અગાઉના વર્ષના ડીગ્રી ફોર્મ ઓનલાઇન ભરવાના બાકી હોય તેવી કોલેજોએ ફરજીયાત પણે ઓનલાઇન ડીગ્રી ફોર્મ ભરવાના રહેશે. |
| ૩. | ડીગ્રી ફોર્મ કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે, તો રજુ કરવાનાં રહેશે. |
| ૪ | પી.જી./બી.એડ. કોર્ષના ડીગ્રી ફોર્મ વિદ્યાર્થી પાસે ભરાવીને તૈયાર રાખવા ટૂંક સમયમાં યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવામા આવશે જેની ખાસ નોંધ લેવી. |

(1) **ડીગ્રી ફોર્મ ઓનલાઇન ભરવા માટેના સ્ટેપ** :- Year-2023-24 → Degree Menu → Degree Application Form → New Record.

(2) **ચેકલિસ્ટ (EXCEL SHEET) ડાઉનલોડ/પ્રિન્ટ કરવા માટેના સ્ટેપ** :-

Year-2023-24 → Degree Menu → Degree Application Form → Details → Program માં કોર્ષ પ્રમાણે અલગ-અલગ ફિલ્ટર કર્યા બાદ જમણી બાજુ Refresh બટનની બાજુમાં આપેલ Export to Excel બટન પર ક્લિક કરવું.

ડિ. ડી. એમ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

બીડાણ : ડીગ્રી ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવા માટેની અગત્યની સુચનાઓ.

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૪૪૫/૨૦૨૪ તા.૦૮/૦૪/૨૦૨૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,

ખડીયા, જૂનાગઢ-૩૬૨૨૬૩

પ્રતિ,યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓ તરફ ......

**નકલ સવિનય રવાના:-**

(૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી [જાણ અર્થે]

(૨) આઇ.ટી. સેલ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે) (૩) હિસાબી શાખા (યોગ્ય કાર્યવાહી અર્થે)


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || :exam@bknmu.edu.in

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

## ડીગ્રી ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવા માટેની અગત્યની સુચનાઓ

| ક્રમ | વિગત | રીમાર્ક |
|---|---|---|
| ૧. | ક્યા વિદ્યાર્થીઓ ડીગ્રી ફોર્મ ભરી શકશે? | • જે વિદ્યાર્થી પ્રથમ વખત છેલ્લા સેમેસ્ટરની પરીક્ષા આપી રહ્યા છે તે.<br>• જે વિદ્યાર્થીએ અગાઉ ડીગ્રી ફોર્મ ભરેલ નથી, પરંતુ તમામ સેમેસ્ટરની પરીક્ષા આપી ચુકેલ છે. જેમાં પાસ/નાપાસ થયેલ હોય તે. |
| | | |
| ૨. | ડીગ્રી ફોર્મમાં સીરીયલ નંબર કેવી રીતે આપવા? | • સીરીયલ નંબરમાં વધુમાં વધુ ૬ અંકનો ઉપયોગ કરી જે-તે કોલેજ પોતાની જરૂરીયાત તેમજ અનુકૂળતા મુજબ કોઇપણ અંકોનું કોમ્બીનેશન કરી ને બનતા સીરીયલ નંબરનો ઉપયોગ કરી શકશે. |
| | | |
| ૩. | ડીગ્રીનો પ્રકાર (Degree Type) માં ક્યો વિકલ્પ પસંદ કરવો. | • જે વિદ્યાર્થીઓ યુનિ. માંથી રૂબરૂ ડીગ્રી સર્ટીફિકેટ મેળવવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ **“IN PERSON”** વિકલ્પ પસંદ કરવો.<br>• જે વિદ્યાર્થીઓ ડીગ્રી સર્ટીફિકેટ કુરિયર અથવા પોસ્ટ મારફત મેળવવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ **“IN ABSENTIA”** વિકલ્પ પસંદ કરવો. |
| | | |
| ૪. | કાયમી સરનામું | • જે વિદ્યાર્થીઓ ડીગ્રી સર્ટીફિકેટ યુનિ. માથી રૂબરૂ, કુરિયર અથવા પોસ્ટ મારફત મેળવવા માંગે છે તેવા તમામ વિદ્યાર્થીઓએ કાયમી સરનામું દર્શાવવાનું રહેશે.<br>• જેમાં સરનામું, શહેર/ગામ, તાલુકો, જીલ્લો, પિનકોડ નંબર તેમજ મોબાઇલ નંબરની વિગત સાચી તેમજ સંપૂર્ણ દર્શાવવાની રહેશે. |
| | | |
| ૫. | ડીગ્રી ફી ની ચુકવણી | • ડીગ્રી ફોર્મ ફી ડી.ડી. દ્વારા ચુકવવાની રહેશે.<br>• સંપુર્ણ રકમનો ડી.ડી. મોકલવાનો રહેશે. **(કમિશન બાદ મળવાપાત્ર રહેશે નહીં.)** |
| | | |
| ૬. | પરીક્ષા વિભાગમાં જમા કરવાના ડોક્યુમેન્ટ | • કોલેજનો લેટરપેડ (કોર્ષ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા અલગ-અલગ સ્પષ્ટ દર્શાવવી)<br>• જરૂરી રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ (તારીખ, સહી, રકમ [શબ્દ અને અંકમાં] [સંપુર્ણ વિગત સાથે]<br>• ઓનલાઇન જનરેટ થયેલ ફી રીપોર્ટ/ચેકલિસ્ટ (**EXCEL SHEET**),આચાર્યશ્રી દ્વારા વેરીફાય કરેલ. |

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || :exam@bknmu.edu.in